**ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ**
(ગુજરાત સરકારનું સાહસ)
અધિક્ષક ઈજનેરશ્રી (મ.ગુ) ની કચેરી,
પાંચબત્તી, જી.આઈ.ડી.સી., ભરૂચ.
ફોન નંબર (૦૨૬૪૨)૨૪૨૪૩૨

**જાહેર નિવિદા નં.૦૯ /૨૦૧૭-૧૮**

અધિક્ષક ઈજનેરશ્રી(મ.ગુ), જી.આઈ.ડી.સી., ભરૂચનાં તાબા હેઠળ આવેલ કાર્યપાલક ઈજનેરશ્રી, વડોદરા - ફોન નં:૦૨૬૫-૨૨૩૬૩૮૪૦/૩૭/૪૧ હસ્તકનું અ.નં.૦૧ નાં કામની અંદાજીત કિંમત રૂ.૭,૬૯,૧૫,૨૩૦/- છે. આ કામ માટે ટેન્ડરો ઓનલાઈન પધ્ધતિથી મંગાવવામાં આવે છે.

ઓનલાઈન ટેન્ડર માટે ટેન્ડર ભરવાની કાર્ય પધ્ધતિ, સંબંધિત વિગતો જેવી કે ટેન્ડર ફી, EMD વગેરેની માહિતી વિગતવાર ટેન્ડર નોટીસમાં આપવામાં આવેલ છે. જે રસ ધરાવતાં ઈજારદારોએ વંચાણે લેવા વિનંતી છે. જે એક ટેન્ડર એગ્રીમેન્ટનો ભાગ છે.

આ કામોની વિગતવાર જાહેર નિવિદા ઓફિસનાં નોટીસ બોર્ડ ઉપર, જી.આઈ.ડી.સી.ની વેબસાઈટ www.gidc.gov.in તેમજ માહિતી ખાતાની www.statetenders.comમાં જોઈ શકાશે. વધુ માહિતીની જરૂરિયાત હોય તો, કાર્યપાલક ઈજનેરશ્રી, જીઆઈડીસી, વડોદરાની કચેરીએથી કામકાજનાં સમય દરમિયાન મેળવી શકાશે. અનુક્રમ નં.૦૧ નાં કામનાં દસ્તાવેજી પુરાવાનાં કવર ઉપર કામનું નામ, ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ તેમજ ટેન્ડરો ખોલવાની તારીખ અવશ્ય લખવાની રહેશે. વેક્સ અથવા ટેપથી સીલ કર્યા વગરનાં કવરો સ્વીકારવામાં આવશે નહિ. બાના મુક્તિ પ્રમાણપત્ર ગ્રાહ્ય/સ્વીકાર્ય નથી જેની નોંધ લેવી. નિવિદામાં જણાવેલ કોઈ પણ અથવા બધા ટેન્ડરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નિગમનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે. અધિકૃત વેબ-સાઈટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા / વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઈ શકાશે.

**સહી/-**
**અધિક્ષક ઈજનેર (મ.ગુ)**
**ગુ.ઔ.વિ.નિ., ભરૂચ.**